**મેહ. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૯૪૦૭/૨૦૧૮.**

**ફરિયાદી :-** સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ અન્વયે નિરીક્ષક.

**: વિરૂધ્ધ :**

**આરોપી :-**
(૧) ખ્યાતિ કન્સ્ટ્રકશન કંપની-કોન્ટ્રાકટર,
૬, વલ્લભપાર્ક સોસાયટી,
રાજકમલ પેટ્રોલ પમ્પની પાછળ,મહેસાણા-૨.
કામનું સ્થળ :- સરદાર સરોવર નર્મદા નિગમ લિ.,
વિશ્રામગૃહ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.
(૨) શ્રી જયંતિભાઈ રામાભાઈ પટેલ-ભાગીદારશ્રી,
૮/૦. ખ્યાતિ કન્સ્ટ્રકશન કંપની-કોન્ટ્રાકટર,
૬, વલ્લભપાર્ક સોસાયટી,
રાજકમલ પેટ્રોલ પમ્પની પાછળ,મહેસાણા-૨.

**ગુન્હો :-** કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ તથા ગુજરાત કોન્ટ્રાકટ મજૂર (નિ. અને ના.) નિયમો, ૧૯૭૨ હેઠળ.

**-: ચૂ કા દો :-**

**૧.** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવે છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**૨.** ફરિયાદીના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે :-

આ કામના ફરિયાદી ધારાની કલમ-૨૪ હેઠળ નિમાયેલ નિરીક્ષક છે અને તેઓ ધ્વારા તા.૨૪/૪/૨૦૧૩ ના રોજ આરોપી સંસ્થા/કારખાનાની તપાસ હાથ ધરતા આરોપી સંસ્થા ધ્વારા સરકારી શ્રમ અધિકારી અને કોન્ટ્રેકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ ની ક.૨૪ અનુસારનો ભંગ કરી ધારાની કલમ-૨૪ હેઠળ ગુન્હો કરવામાં આવેલ હોય તે અંગે ફરિયાદીએ ધોરણસરની ફરિયાદ અદાલતમાં દાખલ કરતા આરોપીને આ અદાલતે સદરહુ અધિનિયમની જોગવાઈ મુજબના ગુન્હાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ હતો.

**૩.** આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ યોજાયેલ સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થતાં, આરોપીએ ગુનાની કબૂલાત પુરસીસ રજૂ રાખેલ છે અને તેમાં જણાવ્યા

મુજબ તેઓ સ્વૈચ્છિક રીતે પોતાનો ગુનો કબૂલે છે તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહિ કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

**૪.** આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે, આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબૂલ કરતા હોવાનું જણાય છે.

**૫.** ઉપરોકત રજૂઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતા તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજૂઆત મુજબ તેના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવે તો ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાનું–૭૦૯ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેની રજૂઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –: હુકમ ::–

**૧.** સદર કામે પ્રત્યેક આરોપીને ક્રિ. પ્રો. કોડ ક.૨૫૨ અન્વયે કોન્ટ્રેકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ ની કલમ–૨૪ ના ભંગ બદલ કોન્ટ્રેકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમની કલમ–૨૪ હેઠળ તકસીરવાન ઠરાવીને રૂા.૧,૦૦૦/– દંડ, અને દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેસની સજા ભોગવવા આથી હુકમ કરવામાં આવે છે.

**૨.** આ હુકમ આજરોજ તા.૧૩/૭/૨૦૧૯ ના રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. ૧૩/૭/૨૦૧૯.
સ્થળ : અમદાવાદ.

(ધીરેન જગદીશભાઈ ઠાકર)
એડિશનલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
GJ00748

HMPRAJAPATI,PA.